ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલીફોન : ૨૬૩૦૧૩૪૧–૨૬૩૦૦૩૪૨–૪૩
૨૬૩૦૦૧૨૬ અને૨૬૩૦૦૬૬૪
ટેલીગ્રામ : યુનિ.ગુજરાત

FAX : (079) 26302654 & 26306194
Phone : 26301341-26300342-43,
26300126 & 26300664
Gram : UNIGUJARAT

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય
પોસ્ટ બોક્ષ નં ૪૦૧૦
નવરંગપુરા, અમદાવાદ–૩૮૦ ૦૦૯.

OFFICE OF THE GUJARAT UNIVERSITY
POST BOX NO.4010, NAVRANGPURA
AHMEDABAD-380 009.

ક્રમાંક: પરિક્ષા/૪-અ/૮૨૭૭-૧/૨૦૨૧ તા. ૦૬/૧૦/૨૦૨૧

પરિપત્ર: ૧૬૯ **(તારીખ લંબાવવા બાબત)**

ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન વિનયન, વાણીજ્ય, વિજ્ઞાન, બી.બી.એ. અને બી.સી.એ. લો તથા એજ્યુકેશન કોલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે આ યુનિવર્સિટીના ઓર્ડી. ૬૯ની જોગવાઈ મુજબ કોઈપણ સેમેસ્ટરમાં પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓનું એનરોલમેન્ટ કરવાનું થાય છે. હાલમાં આપની કોલેજ / સંસ્થામાં સેમેસ્ટર ૩અને ૫ માં અન્ય યુનિવર્સિટીમાંથી પ્રવેશ મેળવેલ વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ ફોર્મ ભરાવીને, જરૂરી બીડાણો લગાવી, નિયત પત્રક અને ફી કોલેજોએ **નીચે મુજબની તારીખ અને લેટ ફી સાથે જમા કરાવવા જણાવવામાં આવે છે**. સેમેસ્ટર ૧ ના વિદ્યાર્થીઓના એનરોલમેન્ટ માટે હવે પછી વેબસાઈટ પર પરિપત્ર મુકવામાં આવશે જેની ખાસ નોધ લેવી.

| ક્રમ | તારીખ થી | તારીખ સુધી | ફી |
|---|---|---|---|
| ૧ | ૧૫-૦૯-૨૦૨૧ | ૨૨-૦૯-૨૦૨૧ | રેગ્યુલર ફી |
| ૨ | ૨૩-૦૯-૨૦૨૧ | ૦૧-૧૦-૨૦૨૧ | રેગ્યુલર ફી અને લેટ ફી ૫૦૦/- |
| ૩ | ૦૨-૧૦-૨૦૨૧ | ૧૨-૧૦-૨૦૨૧ | રેગ્યુલર ફી અને લેટ ફી ૧૦૦૦/- |

**સેમેસ્ટર ૩ અને ૫ એનરોલમેન્ટ ફોર્મ યુનિવર્સિટી કાર્યાલયમાં જમા કરવવા માટે મોકલતા અગાઉ નીચેની સૂચનાઓનું ચુસ્ત રીતે પાલન કરવા વિનંતી છે.**

1. ગુજરાત યુનિવર્સિટીની ઉપરોક્ત દર્શાવેલ તમામ કોલેજો માટે એનરોલમેન્ટ ફોર્મની કિંમત રૂપિયા ૨૫/- અને એનરોલમેન્ટ ફી રૂપિયા ૧૦૦/- રાખવામાં આવેલ છે. ચાલુ શૈક્ષણિક વર્ષે દરેક ફેકલ્ટીના અલગ અલગ ફોર્મ નિયત કરવામાં આવેલ છે. જે http://efespgreg.gujaratuniversity.ac.in ઉપર ઓનલાઈન ફોર્મ ભરવાના રહેશે.
2. સદરહુ વિદ્યાર્થી માટે ભરવાના (BLANK) એનરોલમેન્ટ ફોર્મ વેબસાઈટ પરથી મેળવી શકાશે.
3. વિદ્યાર્થીના એનરોલમેન્ટ ફોર્મ સાથે PEC (પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ) અને ગુણપત્રકોની નકલ ખાસ બીડવી.
4. સેમેસ્ટર ૩ અને ૫ માટે ઓનલાઇન જનરેટ થયેલ યાદી અને સંપૂર્ણ વિગતો સાથેનું ફોર્મ કોલેજોના સહી સિક્કા સાથે નિયત સમય મર્યાદામાં કાર્યાલય પર જમા કરાવવાનું રહેશે.
5. એનરોલમેન્ટ ફી ક્રોસ ડીમાન્ડ ડ્રાફ્ટ/ચેક (ચેક રીટર્ન થયે રૂ.૨૦૦૦/- દંડ કરવામાં આવશે) "કુલસચિવશ્રી" ગુજરાત યુનિવર્સીટી, અમદાવાદ ૩૮૦૦૦૯ ના નામનો કઢાવીને મોકલી આપવાનો રેહશે. ડીમાન્ડ ડ્રાફ્ટ પૂરી રકમનો કઢાવવાનો રહેશે (DD CTS કોડવાળો હોવો જરૂરી છે.)
6. વાર્ષિક પદ્ધતિમાંથી પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે પણ ઓનલાઇન ફોર્મ ભરી જરૂરી ગુણપત્રકો સાથે ફોર્મ કાર્યાલય પર જમા કરવાનું રહેશે.
7. આ કાર્યાલયના તા. ૦૯-૧૨-૨૦૧૬ના પત્રાંક:એકે/૩૫૫૯૫/૨૦૧૬ ના સંદર્ભમાં જણાવવાનું કે સેલ્ફ ફાઈનાન્સ કોલેજોએ ડેવેલોપમેન્ટ ફી અને એનરોલમેન્ટ ફી સાથે જ જમા કરવવાની થાય છે આથી એનરોલમેન્ટ ફોર્મ ફી સાથે ડેવલોપમેન્ટ ફી અંગે અલગથી ફોર્વર્ડીંગ પત્ર અને તે રકમનો ડ્રાફ્ટ લાવવાનો રહેશે. આ ડેવલોપમેન્ટ ફી એકેડેમિક વિભાગમાં જમા કરાવ્યાની પાવતી બતાવ્યા બાદ જ પરીક્ષા વિભાગ દ્વારા એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે. ડેવલોપમેન્ટ ફી વિના એનરોલમેન્ટ ફી સ્વીકારવામાં આવશે નહી. જેની ખાસ નોધ લેવી.

પરિક્ષા નિયામક